## ચેતનાની વિધવિધ અવસ્થાઓ

દા.ત. તમારી શારીરિક ચેતના, અથવા
તમારી સૂક્ષ્મ શારીરિક ચેતના,
તમારી પ્રાણમય ચેતના, અથવા
તમારા ઉચ્ચતર કે નિમ્નતર પ્રાણની ચેતના,
તમારી ચૈત્યિક ચેતના,
તમારી માનસિક ચેતના,
તેમાંની દરેક ચેતના તદ્દન ભિન્ન છે !

એટલે જ્યારે તમે ઊંઘો છો ત્યારે તમારામાં એક ચેતના હોય છે અને જ્યારે તમે જાગો છો ત્યારે તમારામાં બીજી ચેતના હોય છે.

તમારી જાગૃત અવસ્થામાં તમે વસ્તુઓને તમારાથી બહાર જુઓ છો; નિદ્રાવસ્થામાં તમે તેમને તમારી અંદર જુઓ છો.

એટલે જાણે એમ બને છે કે એક અવસ્થામાં તમે તમારી જાતને તદ્દન બહાર, સામે ફેંકાઈ ગયેલી જુઓ છો અને બીજી અવસ્થામાં તમે તમારી જાતને એક આંતરિક દર્પણમાં જોતા હો એવું લાગે છે.


શું તમને આ બરાબર નથી સમજાતું?

ઠીક, માણસે તે બે અવસ્થાઓ વચ્ચેના તફાવતને સમજતાં શીખવું જોઈએ, પોતાની ચેતનાની સ્થિતિઓનો ભેદ જાણી લેવો જોઈએ, કારણકે નહિ તો માણસ સતત ચાલતા ગૂંચવાડામાં જ જીવે છે.

હકીકતમાં તો, એ માર્ગ ઉપરનું પહેલું પગથિયું છે, તંતુની શરૂઆત છે; જો માણસ તંતુના અંત ભાગને પકડી ન રાખે તો એ માર્ગમાં ભૂલો પડે છે. તંતુના અંત ભાગને છેક સુધી પકડી રાખવાનો છે.

**– શ્રી માતાજી**

**શ્રી માતૃવાણી ગ્રંથ ૭ :**
**પૃ. ૧૩૭-૧૩૮**



From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • September 2019

https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2019**
**SEPTEMBER**
**૧ સપ્ટેમ્બર, ૨૦૧૯**

## Awareness of Consciousness
## ચેતના વિષે સભાનતા...

### Awareness and Force

**Consciousness is made up of two elements,** awareness of self and things and forces and conscious power.

Awareness is the first thing necessary, you have to be aware of things in the right consciousness, in the right way, seeing them in their truth; but awareness by itself is not enough.

There must be a Will and a Force that make the consciousness effective.

Somebody may have the full consciousness of what has to be changed, what has to go and what has to come in its place, but may be helpless to make the change.

Another may have the will-force, but for want of a right awareness may be unable to apply it in the right way at the right place.

The advantage of being in the psychic consciousness is that you have the right awareness and its will being in harmony with the Mother's will, you can call in the Mother's Force to make the change.

Those who live in the mind and the vital are not so well able to do this; they are obliged to use mostly their personal effort and as the awareness and will and force of the mind and vital are divided and imperfect, the work done is imperfect and not definitive.

It is only in the supermind that Awareness, Will, Force are always one movement and automatically effective.

**- Sri Aurobindo**

**CWSA**
**28: 24-25**

## સભાનતા અને શક્તિ

**ચેતના બે તત્ત્વોની બનેલી છે:** પોતાની જાત વિશેની, વસ્તુઓ વિશેની અને શક્તિઓ વિશેની સભાનતા અને સચેતન-શક્તિ.

સભાનતા પ્રથમ જરૂરી વસ્તુ છે. તમારે વસ્તુઓ વિશે સાચી ચેતનામાંથી, સાચી રીતે સભાન બનવાનું છે અને તેમને તેમના સત્યમાં જોવાની છે. પરંતુ સભાનતા પોતે જ પૂરતી વસ્તુ નથી.

ચેતનાને અસરકારક કરવા માટે એક સંકલ્પ અને શક્તિ હોવાં જરૂરી છે.

કોઈ વ્યક્તિ સભાન હોય કે કઈ વસ્તુનું રૂપાંતર કરવાનું છે, કઈ વસ્તુનો નિકાલ કરવાનો છે અને તેની જગાએ કઈ વસ્તુનું સ્થાપન કરવાનું છે તે પણ તે જાણતો હોય; પરંતુ રૂપાંતર કરવા માટે તે અશક્ત હોય એમ બની શકે.

બીજી વ્યક્તિમાં સંકલ્પશક્તિ હોય, પરંતુ સાચી સભાનતાના અભાવે યોગ્ય રીતે અને યોગ્ય જગાએ તે શક્તિને બંધબેસતી કરી શક્તો ન હોય.

સાચી ચેતનામાં રહેવાનો એ ફાયદો હોય છે કે તમારામાં સાચી સભાનતા હોય છે અને તેની સંકલ્પશક્તિ માતાજીના સંકલ્પની સાથે સંવાદમાં હોવાથી, તમે માતાજીની શક્તિને ફેરફાર કરવા પુકાર કરી શકો છો.

જે લોકો મન અને પ્રાણમાં જ રહેતા હોય તેઓ આ વસ્તુ સારી રીતે કરી શકતા નથી; તેઓને ઘણે ભાગે પોતે જાતે જ પ્રયત્ન કરવો પડે છે અને તેમની સભાનતા અને મનની તથા પ્રાણની શક્તિ વિભક્ત અને અપૂર્ણ હોવાને લીધે જે કાર્ય થાય છે તે અપૂર્ણ હોય છે અને તે ચોક્કસ હોતું નથી.

ફક્ત અતિમાનસમાં જ સભાનતા, સંકલ્પ અને શક્તિ કાયમ એક જ ગતિરૂપ હોય છે અને સ્વયંભૂ રીતે જ અસરકારક હોય છે.

**- શ્રી અરવિન્દ**

**યોગ વિશે પત્રો-૧:**
**પૃ. ૨૬૫**

## Different States of Consciousness

For example,

your physical consciousness or
your subtle physical consciousness,
your vital consciousness or the consciousness of
your higher or lower vital,
your psychic consciousness,
your mental consciousness,
each one is completely different!

So when you sleep you have one consciousness, and when you are awake you have another.

In your waking state you look at things projected outside you, in your sleep state you see them interiorised.

So it is as though in one case you were pushed altogether outside yourself, in front, and in the other it is as though you were looking at yourself in an inner mirror.

Don't understand? Not very well!

Well, it's something one must learn to distinguish, one's states of consciousness, because otherwise one lives in a perpetual confusion.

In fact, it is the first step on the path, it is the beginning of the thread, if one doesn't hold on to the end of the thread, one is lost on the way. This is only to hold the end of the thread.

**- The Mother**

**CWM**
**7: 131**